(૧૬)

નં.અનદ/૧/બ/ગ્રા-ટ/નીતિ/૭૪૨૦/૩૬
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨ ડૉ.જીવરાજમહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ. ૨૦-૬-૧૯૯૭.

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્વૈચ્છિક રીતે સ્વાયતતા આપવા અંગેની નવી નિતી સ્થગિત કરવા બાબત..

સંદર્ભ:- સચિવશ્રી, શિક્ષણ વિભાગનો અ.સ.પત્રક્રમાંક/બમશ/૧૧૯૭/૨૧૭૪/ગ-તા.૧૯-૬-૯૭.

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/બમશ-૧૧૯૭-૧૭૪-ગ તા. ૧૯-૫-૯૭ થી બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્વૈચ્છિક રીતે સ્વાયતતા આપવા અંગેની જે નીતિ જાહેર કરવામાં આવેલ હતી તે સ્થગિત કરવામાં આવેલ છે.

જેથી જે શાળાઓએ આ યોજના અન્વયે વિકલ્પ ફોર્મ જિ.શિ.અ.કચેરીમાં રજુ કરેલા હોય અને મંજુરીની અપેક્ષાએ શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી ફી લીધેલ હોય તે ફી વિદ્યાર્થીઓને દિવસ-૫ માં શાળાઓએ પરત કરવાની રહેશે. જે શાળાઓ દિવસ-૫ માં વિદ્યાર્થીઓને પરત ન કરે તે શાળાઓ સામે નિયમાનુસાર પગલાં લેવાની કાર્યવાહી કરવી.

સદર યોજના રાજ્ય સરકારે સ્થગિત કરેલ હોઈ કોઈ પણ શાળાના વિકલ્પ ફોર્મ હવે સ્વીકારવાના રહેતા નથી.

આ અંગેની જાણતમામ શાળાઓને કરવી અને તેની જાણ અત્રે પણ કરવા જણાવવામાં આવે છે.

(બી.કે.સિંહા)
ઉચ્ચ શિક્ષણ કમિશનર
ગુ.રા.ગાંધીનગર.

૭૭૩૭-
ક્રમાંક/માધ્ય.-૪/૫/૯૭-૯૮/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વઢવાણનો ઉતારો, રાજકોટ
તારીખ:- ૨૫/૬/૯૭
૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.
રાજકોટ જિલ્લો,
રાજકોટ,

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

નકલ જાણ સારુ:-

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
૧૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

'દવે' ૨૬૬૯૭'

૨૬
૧૭૭૭